આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જયદીપ વૈષ્ણવ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : 13-09-2024 સમય : સાંજે 6.25 વાગ્યે

---

## કચ્છમાં માર્ગ મરંમત

કચ્છ જિલ્લામાં થોડાં દિવસો પૂર્વે થયેલા વરસાદથી અસરગ્રસ્ત શહેરી અને ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓના મરંમત કામગીરી ચાલી રહી છે ત્યારે હાલ ઠેર ઠેર ડામર, પેચવર્ક અને રીસર્ફેસીંગ સહિતની કામગીરી શરૂ કરાઇ છે. જિલ્લા માર્ગ અને મકાન રાજ્ય તથા પંચાયત દ્વારા સમારકામની જરૂરિયાત ધરાવતા રસ્તા પર ડામર પેચવર્ક તથા રીસર્ફેસીંગ કરીને વાહનચાલકો માટે રસ્તાઓ પૂર્વવત કરવામાં આવી રહ્યા છે. હાલ કચ્છના કોટડા-બિટ્ટા રોડ, અંજાર રીંગ રોડ તથા પ્રાગપર મુંદરા પોર્ટ રસ્તાઓ ઉપર યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે.

માહિતી ખાતુ

---

## સ્કૂલોમાં નુકસાની

કચ્છ જિલ્લામાં 25મી ઓગસ્ટથી સતત 6 દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદ થયો હતો, જેમાં હાઈસ્કૂલોમાં કોઈ નુકસાની નોંધાઈ નથી. પરંતુ, 84 જેટલી પ્રાથમિક શાળાઓમાં અંદાજિત ત્રણેક કરોડ રૂપિયાનું નુકસાન અંકાયું છે. જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારના જણાવ્યા મુજબ માંડવી, અબડાસા સહિતના અસરગ્રસ્ત તાલુકાઓમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં દીવાલ પડી જવી, બારી-બારણા તૂટી જવા, પ્રવેશદ્વારને હાનિ, વૃક્ષો ધરાશાયી થઈ જવા સહિતની નુકસાની નોંધાઈ છે. જેનો આંક ત્રણેક કરોડ રૂપિયા ઉપર થવા જાય છે.

N.P. / જયદીપ વૈષ્ણવ

---

## માતાના મઢમાં બેઠક

આગામી આસો નવરાત્રી દરમ્યાન જયાં લાખો શ્રદ્ધાળુઓ આશાપુરાજીના દર્શનાર્થે પગપાળા તથા ખાનગી વાહનો દ્વારા આવે છે. તે માતાનામઢ ખાતે આજે પ્રાંત અધિકારી સુરજ સુથારના અધ્યક્ષ સ્થાને તમામ કચેરીના અધિકારી, જાગીર શાખાના ટ્રસ્ટી તથા માતાનામઢના પૂર્વ સરપંચો સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં હાલે વરસાદથી ધોવાઈ ગયેલા તમામ ડામરના રસ્તાનું રીપેરીંગ, રસ્તા વચ્ચે આવતી ઝાડીનું કટીંગ, યાત્રાળુને નિયમિત પાણી મળે, વીજળી સેવા, રોડલાઈટ ઉપલબ્ધ થાય તે સહિતના મુદ્દે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

N.P. / જયદીપ વૈષ્ણવ

---------------------------------------------------------------------------

## પોષણ માસ

રાજયભરમાં ૭ માં પોષણ માહની ઉજવણી થઇ રહી છે ત્યારે તાજેતરમાં ICDS વિભાગ દ્વારા કચ્છના વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં બાળ તુલા દિવસની ઉજવણી તથા માંડવી, ભચાઉ, ગાંધીધામ, લખપત, અંજાર મુકામે પોષણ માહ અંતર્ગત અલગ અલગ પ્રવૃતિઓ તેમજ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મુન્દ્રામાં ૨૨ વર્ષ બાદ માતા બનનાર મહિલાની મુલાકાત લઇ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ભુજ -૧માં આંગણવાડી કક્ષાએ ૩ થી ૬ વર્ષના બાળકોની માતાઓને છોડ ભેટ આપવામાં આવ્યા હતા.

N.P. / જયદીપ વૈષ્ણવ

---------------------------------------------------------------------------

## નખત્રાણા મેળો

ભાદરવા મહિનામાં કચ્છમાં વિવિધ સ્થળે મેળાઓ યોજાઈ રહ્યા છે પૂર્વ છેવાડે રવેચી માતાજીના સ્થાનકે ભરાયેલા બે દિવસના મેળામાં મોટી મેદની ઉમટી પડી હતી જ્યારે આજે પશ્ચિમમાં નખત્રાણાનાં પાદરે રામેશ્વર ગામ નજીક રામદેવપીરના મેળાનો આરંભ થયો છે

ત્રણ દિવસ ચાલનારા મેળામાં મનોરંજનનાં સાધનો  ખાણીપીણીનાં મળી 160 જેટલા સ્ટોલ ઉભા કરાયા છે. અંતિમ દિવસે બખ મલાખડો યોજાશે, જ્યારે ઉત્તરમાં કાળા ડુંગરનાં દત મંદિર ખાતે આવતીકાલથી બે દિવસનો મેળો ભરાશે.

N.P. / જયદીપ વૈષ્ણવ

---------------------------------------------------------------------

## ભુજમાં કરદાતા

ભુજમાં કરદાતાઓએ નગરપાલિકામાં એપ્રિલથી ઓગસ્ટ સુધી મિલકત સહિતના વેરા અને ચાર્જ પેટે 8 કરોડ 54 લાખ રૂપિયા ભર્યા છે! ચાલુ હિસાબી વર્ષ વર્ષ 2024ના એપ્રિલથી વર્ષ 2025ના માર્ચ સુધી વેરા વસુલાતનો લક્ષ્યાંક 22 કરોડ રૂપિયા રખાયો છે.એપ્રિલ, મે અને જૂન સુધીમાં વેરો ભરનારાને 10 ટકા, જુલાઈથી સપ્ટેમ્બર સુધી 5 ટકા અને ઓકટોબર, નવેમ્બર, ડિસેમ્બર સુધી વેરો ભરનારાને અઢી ટકા મિલકત વેરામાં બાદ કરી આપવાની યોજના છે. પાલિકાના ચોપડે 42 હજાર ઉપરાંત મિલકત માલિકો નોંધાયેલા છે, જેમાંથી ચૌદ હજાર છસો મિલકત ધારકોએ વેરો ભરી દીધો છે.

N.P. / જયદીપ વૈષ્ણવ

---------------------------------------------------------------------

## કચ્છ યુનિ. કોર્સ

ભરતનાટ્યમ એ આપણી 3000 વર્ષ જૂની સાંસ્કૃતિક ધરોહર છે. કચ્છના યુવાનો આ શાસ્ત્રીય નૃત્યનો કચ્છમાં જ રહીને અભ્યાસ કરી શકે એવા આશય સાથે કચ્છ યુનિવર્સિટી દ્વારા ભરતનાટ્યમ સર્ટિફિકેટ કોર્ષનો આરંભ કરાયા છે. આ અનુસંધાને કચ્છ યુનિવર્સિટી અને નુપુર ટ્રસ્ટ બંને સંસ્થા વચ્ચે ત્રણ વર્ષના કરાર થયેલ છે.

N.P. / જયદીપ વૈષ્ણવ

---------------------------------------------------------------------------------

## પશુ રસીકરણ

કચ્છ જિલ્લામાં ગત મહિને થયેલા અતિભારે વરસાદ બાદ ૧ લાખ પશુઓને જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા રસીકરણ અને સારવારનો લાભ આપવામાં આવ્યો હતો. આજે જિલ્લા મથક ભુજ ખાતે જિલ્લા પશુપાલન વિભાગની મળેલી સંકલન બેઠકમાં જિલ્લા પશુપાલન નિયામક ડો. રાજેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વરસાદ બાદ પશુઓને જરૂરી સારવાર અને રસીકરણ થઈ શકે તે માટે થયેલા પ્રયાસો થકી પશુમરણના આંકને નિયંત્રણમાં રાખી સકાયો હતો.

N.P. / જયદીપ વૈષ્ણવ

---------------------------------------------------------------------------------